નિયામક, સમાજ સુરક્ષા ખાતું,
બ્લોક નં. ૧૬, ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨ ૦૧૦
ફોન નં. ૦૭૯ - ૨૩૨ ૫૬૩૦૯
ઈ - મેઈલ - dir-sd@gujarat.gov.in

---

નં.સસુખા/અપગ/પરીપત્ર/૨૦૧૮-૧૯/૩૦૮૩ તા.૦૫/૦૫/૨૦૧૮

## પરીપત્ર

આથી વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત કરતી ખાતા હસ્તકની વિકલાંગોની સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે ખાતા હસ્તકની વિકલાંગોની સંસ્થાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૧ થી ૮ માં વિદ્યાર્થીઓને ગુજરાત રાજ્ય સરકારશ્રીની વિનામૂલ્યે યોજના હેઠળ પ્રથમ શૈક્ષણિક સત્ર વર્ષ ૨૦૧૮-૧૯ માટે ધોરણ ૧ થી ૮ ના પાઠયપુસ્તકોના રૂટ તાલુકા કક્ષાએ એથી મેળવવા માટે જે સંસ્થા પાઠયપુસ્તક મેળવવા માંગતી હોય તેઓએ તા.૦૧/૦૫/૨૦૧૮ પછી જે તે સરકારી/સ્વૈ. સંસ્થા પોતાના તાલુકા મથકે ખાતે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (TPEO) પાસેથી રૂબરૂ જઈ સંસ્થાના લેટર પેડ પર સંસ્થામાં અભ્યાસ કરતા બાળકોની ધોરણવાર, વિષયવાર, માધ્યમવાર, સંખ્યા દર્શાવતું પત્રક બે નકલમાં અવશ્ય લઇ જઇ ને પાઠયપુસ્તકો રૂબરૂમાં મેળવવાના રહેશે.

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજય, ગાંધીનગર

બિડાણઃ- ગુજરાત રાજ્ય પાઠયપુસ્તક મંડળના પત્રની નકલ.

પ્રતિ,

(૧) આર્ચાયશ્રી, વિકલાંગ અને બહેરા મૂંગા બાળકોની શાળાને જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(૨) પ્રમુખશ્રી, વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે ગ્રાન્ટ લેતી વિકલાંગ અને બહેરા મૂંગાની સંસ્થાને જાણ તથા જરૂરી કાર્યાવાહી સારૂ

નકલ રવાનાઃ-

(૧) નાયબ નિયામકશ્રી, (વ.વિ.) ગુજરાત રાજ્ય શાળા પાઠયપુસ્તક મંડળ, " વિદ્યાયન ", સેકટર ૧૦ એ ગાંધીનગરને જાણ સારૂ.

(૨) અધિક્ષકશ્રી, (ડેપો ઇન્ચાર્જ), અડાલજ, ગોડાઉન, ગાંધીનગરને જાણ સારૂ.

(૩) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(૪) સર્વે જિલ્લા બાળ અધિકારીશ્રીને જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

# ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

"વિદ્યાયન", સેક્ટર-૧૦ એ, ગાંધીનગર.

નં.પપમ/વિતરણ/૬૦૦૬

તા. 18 APR 2018

પ્રતિ,

નિયામકશ્રી

સમાજ સુરક્ષા ખાતું,

બ્લોક નં-૧૬, ગ્રાઉન્ડ ફ્લોર,

ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર.

વિષય: ગુજરાત રાજ્ય સરકારશ્રીની વિનામૂલ્યે યોજના હેઠળ ધોરણ-૧ થી ૮ના પાઠ્યપુસ્તકોના રૂટ મોકલવા બાબત.

સંદર્ભ: આપશ્રીનો નં. સસુખા/અપગ/પાઠ્યપુસ્તક/૧૭-૧૮/૧૮૧૬ તા. ૧૭/૦૩/૨૦૧૮

મહાશય,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સમાજ સુરક્ષા ખાતા હસ્તકની વિકલાંગોની સરકારી તથા ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૮-૧૯ માટે વિનામૂલ્ય પાઠ્યપુસ્તકો આપવા માટે અત્રેની કચેરીને ઉપરોક્ત સંદર્ભ પત્રથી જાણ કરેલ છે. જે માંગણી મુજબના રાજકોટ (રાજકોટ),બનાસકાંઠા (પાલનપુર), નવસારી (ગણદેવી, જલાલપુર), કચ્છ (ભૂજ, ગાંધીધામ),અમદાવાદ (અમદાવાદ સીટી, દસક્રોઇ), જુનાગઢ (જુનાગઢ), વડોદરા(વડોદરા), સુરત (સુરત, ચોર્યાસી), સાબરકાંઠા(તલોદ) જીલ્લા માટેના પાઠ્યપુસ્તકોના રૂટ જે તે તાલુકા કક્ષાએ મોકલી આપવામાં આવેલ છે જે તા. ૦૧/૦૫/૨૦૧૮ પછી જે તે તાલુકા મથકેથી જરૂરી સહી સિક્કા વાળા લેટર પેડ આપી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (TPEO) પાસેથી રૂબરૂ મેળવી લેવાના રહેશે.

નિયામક, સમાજ સુરક્ષા ગુ. રા. ગાંધીનગર
આવક રજી. નં. ૯૦૫
19 APR 2018
તારીખ :
શાખા : ૨૫૧૦૧
કચેરી અધિક્ષક ઈનવર્ડ કલાર્ક

નાયબ નિયામક (વ.વિ)

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ,

ગાંધીનગર

બિડાંણ:- તાલુકા સંસ્થાની માહિતી દર્શાવતું લીસ્ટ

૧૯૫૨
૨૦-૪-૧૮